# ગૌરવ: ગુજરાતની આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ ARIIA 2021માં પ્રથમ ક્રમ મેળવ્યો

**Divya Bhaskar Online | December 29, 2021 | www.divyabhaskar.co.in**

==========================================

EDII ARIIA – 2021 માં તમામ સાત કેટેગરીમાં પ્રથમ ક્રમ મેળવનાર ગુજરાતની એકમાત્ર સંસ્થા EDII **(આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા)**ને અટલ રેન્કિંગ ઓફ ઇન્સ્ટિટ્યૂશન્સ ઓન ઇનોવેશન અચિવમેન્ટ્સ (ARIIA) – 2021 હેઠળ જનરલ (નોન-ટેક્નિકલ) કેટેગરીમાં પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. ભારત સરકારના શિક્ષણ રાજ્યમંત્રી ડો. સુભાષ સરકાર દ્વારા આજે રેન્કિંગના પરિણામો જાહેર કરાયા હતા. ARIIA હેઠળ સંસ્થાઓને વૈશ્વિક સ્તરે સ્વિકાર્ય સૂચકાંકો સંબંધિત ઇનોવેશન ઉપર ક્રમાંકિત કરવામાં આવે છે. આ સૂચકાંકોમાં સફળ ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ્સ અને ફંડિંગ ઇનોવેશન તેમજ સ્ટાર્ટ-અપ્સ, ઇન્ટલેક્યુઅલ પ્રોપર્ટી, ટેક્નોલોજી ટ્રાન્સફર અને કમર્શિયલાઇઝેશન, ઇનોવેશનને પ્રમોટ અને સહયોગ કરવા ખર્ચ કરાયેલા વાર્ષિક બજેટ અને ઉદ્યોગ સાહસિકતાની પ્રવૃત્તિઓ, IPR પ્રવૃત્તિઓ, પ્રી-ઇન્ક્યુબેશન અને ઇન્ક્યુબેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇનોવેશન ઉપરના અભ્યાસક્રમ, IPR અને ઉદ્યોગ સાહસિકતાના વિકાસ સામેલ છે.

જનરલ (નોન-ટેક્નિકલ) કેટેગરીમાં EDIIને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. EDII ગુજરાતમાંથી એકમાત્ર સંસ્થા છે કે જેણે તમામ સાત કેટેગરીમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. દેશભરમાંથી કુલ 1430 સંસ્થાઓ / યુનિવર્સિટીઝે આ રેન્કિંગમાં વિવિધ સાત કેટેગરીમાં ભાગ લીધો હતો.

**EDIIના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા** એ કહ્યું હતું કે, "આ વાસ્તવમાં અમારા માટે ગૌરવની વાત છે. EDII ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સના આશાસ્પદ ડોમેનમાં કામ કરી રહ્યું છે. આ સ્વિકાર્યતાથી અમને પ્રોત્સાહન મળવાની સાથે-સાથે તે કેવી રીતે ઉદ્યોગ સાહસિકતા પ્રધાન્ય મેળવી રહ્યું છે તેને સૂચવે છે. EDIIના પૂર્વ વિદ્યાર્થીઓ ઉદાહરણ છે કે કેવી રીતે ઉદ્યોગ સાહસિકતાનો અભ્યાસ કરી શકાય તથા તે કારકિર્દી તરીકે સફળતાપૂર્વક અપનાવી શકાય છે. EDII ખાતે ટેક્નોલોજી બિઝનેસ સેન્ટર (ક્રેડલ) સફળ સ્ટાર્ટ-અપ્સને ઇન્ક્યુબેટ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. હું કહીશ કે અમે ખૂબજ પ્રોત્સાહિત છીએ અને વધુ ઉપલબ્ધિ હાંસલ કરવાની આશા રાખીએ છીએ."

EDII ખાતે **ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશનના પ્રોફેસર અને ડાયરેક્ટર ડો. સત્યા રંજન આચાર્ય** સંસ્થાની ઇનોવેશન કાઉન્સિલ, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય સાથે મળીને ઉદ્યોગ સાહસિકતા શિક્ષણ ક્ષેત્રે કામ કરી રહ્યાં છે.

https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/gujarats-entrepreneurship-development-institute-of-india-ranks-first-in-ariia-2021-129252158.html